સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

કરી નાખો સફાઇ, સુંદર સ્વર્ગની ઝાંકી દો!
રંગી નાખો વૃક્ષો, રસ્તે સફેદ પટ્ટા આંકી દો!
મૂકી દો કમાનો વાંકી, હાંકી કાઢો લારી ગલ્લા -
સોદાગરો આવે છે, આપણી ગરીબી ઢાંકી દો!
(ગરીબીને દિવાલ-કપડાંથી છૂપાવી દેસે)

હાઈકુ

કટ્ટરવાદ!
લાગી ગયો છે ધંધે -
ખાઇકે-પી'કે
(રૉંગ નંબર!)

આતંકી માટે -
પ્રેમાળ પાકિસ્તાન,
મામાનું ઘર
(માયાળુ મોસાળું)

ચિંતન

યત એવાગતો દોષસ્તત એવ નિવર્તતે । અગ્નિ દગ્ધસ્ય વિસ્ફોટ શાંન્તિઃ સ્યાદગ્નિના ધ્રવમ્ ॥

'દોષ, ભૂલ જેના દ્વારા - જે કારણથી થયો હોય-નિવૃત્તિ-દોષનો-ભૂલનો ઉપાય-નિરાકરણ પણ તેના દ્વારા જ થાય છે. જેમ કે, અગ્નિથી દાઝવાથી પડેલા ફોલ્લાનો ઉપાય-તેને શેક કરવાથી જ થઇ શકે છે. શેક લેવાથી શાંતિ મળે છે.'

નાનપણમાં અમે 'હમીરસર' માં તરવા-નાહવા જતા ત્યારે કાનમાં પાણી ચાલ્યું જતું. ત્યારે જે સંવેદના થતી કે માથાંમાં હાથ પછાડવાથી જાણે તરંગો ઉઠતા હોય તેવું લાગે - ત્યાં કપડાં ધોતા અનુભવી વૃદ્ધ કહેતા કાનમાં બીજું પાણી નાખ-બરાબર થઇ જશે' એનું કારણ તો આજસુધી સમજાતું નથી પણ આજે આ દૃષ્ટાંત આપવા યાદ આવ્યું, પાણીથી જ પાણી નો ઉપાય.

પાણીથી થયેલી પથરીનો ઉપાય પણ વધારે પાણી પીવામાં જ રહેલો છે.

રાજકારણમાં બદલા લેવા માટે કોઇને વૈરભાવથી ચઢાવી દેવા પર આવા જ ઉપાય અજમાવવામાં આવે છે. પહેલાં તેને ચઢાવી ચઢાવી 'વડો' બનાવી દે અને પછી એના દ્વારા ખરાબ-ખોટા નિર્ણયો લેવડાવી લઇ તેને 'પછાડે' પણ ખરા!

સુવિચાર

- વિશિષ્ટ વ્યક્તિત્વ ખીલવવા ચાહતા યુવાને સત્ય અને સમયને વફાદાર રહેવું જોઇએ, આથી અનેરી સફળતા હાંસલ થતી હોય છે, જે જીવનમાં સુખ, શાંતિ અને સંતોષ આપે છે - જ્ઞાનસૂત્ર
- મહત્તા છે જીવનની સંકટોને પાર કરવામાં, ભલે મઝધાર બાકી છે ભલે તોફાન બાકી છે - શાહબુદ્દીન રાઠોડ
- તમે કોઇ અદ્‌ભૂત કાર્ય કરો અને કોઇ એની નોંધ ન લે તો નિરાશ ન થતા. દરરોજ સવારે સુર્યોદય થાય છે ત્યારે મોટા ભાગના લોકો સૂતા હોય છે - જહોન લેનન
- 'સ્વ' માં 'વસ', 'પર'થી 'ખસ' એટલું જ બસ - રાજચંદ્ર
- આપણે સૌ કલ્પનાની દુનિયામાં જીવીએ છીએ, એ એક એવી દુનિયા છે કે જેમાં ભ્રમણા વધુ છે, જીવનનું ધ્યેય વાસ્તવિકતા શોધવાનું છે - ધર્મસૂત્ર
- જો તમે ટટ્ટાર ઊભો હોવ તો તમારો પડછાયો વાંકો હોય તેની ફિકર કરશો નહિ - ઇટાલી કહેવત
- માણસે પોતે જ આત્મમંથન કરવાનું છે, પોતાની અંદર જોવાનું છે, તેને જાણ થઇ જશે કે પોતાની આવી હાલત માટે કોણ જવાબદાર છે - એમર્સન

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

વાંક દેખાઓને બધામાં વાંકુ દેખાય ગીતાનું તાત્પર્ય કોઇ પોતાની રીતે સમજાવે તેમાં મરચાં કેમ લાગે છે?

ઇશ્વરીય શક્તિમાં વિશ્વાસ રાખી માણસે વિશ્વાસપૂર્વક પુરુષાર્થ કરવો જોઇએ. સત્યનિષ્ઠાથી કર્મયોગ કરનારને વિધિ-ભાગ્ય-ઇશ્વર સહાય કરે છે. આને તમે કોઇ પણ ધર્મ-પંથ-સંપ્રદાયનો સાર કહી શકો. પછી એ ઓએમજી હોય કે પીકે!

'આત્મૈવ આત્મને બંધુરાત્મૈવ રિપુરાત્મનઃ ।'

(ગીતાજી છઠ્ઠો અધ્યાય-૫મો શ્લોક)

'માણસ જ પોતાનો પરમ મિત્ર છે અને એ જ પોતાનો શત્રુ પણ છે.'

ધર્મ-આચરણને તમે કેવી રીતે અપનાવો છો તેના પર જ ધર્મ-ક્રિયાકાંડનું પરિણામ મળે છે.

ગુરુજીએ શિષ્યને પુછ્યું - 'તું એવી એક વ્યક્તિનું નામ જે જીવનભર તારી સાથે - તને બરાબર ઓળખીને જ સાથે રહેશે! શિષ્ય કહે - હું પોતે જ ગુરુજી, મારો આત્મા જ સદાય મારી સાથે રહે છે.'

ગુરુજી - તારી બધી સમસ્યાઓ ઉકેલ-જવાબ અંતે કોણ આપે છે?

શિષ્ય - મારો અંતરાત્મા જ ગુરુજી.

ગુરુજી - તને બધી મુશ્કેલીમાં માર્ગદર્શન - પથદર્શન કોણ બને છે?

શિષ્ય - મારો અંતરાત્મા ગુરુજી..

ગુરુજીએ કહ્યું - તો આત્મા એ જ 'પરમાત્મા' છે ખરું ને?!

Email - sureshchandrabhatt18@gmail.com

નવા વર્ષમાં આપણે પોતાની સંપૂર્ણ પ્રગતિ માટે આધ્યાત્મિક સંકલ્પ કરવો જોઈએ

નવા વર્ષનો સંકલ્પ

- સંત રાજિન્દર સિંહ જી મહારાજ

જ્યારે પણ નવું વર્ષ શરૂ થાય છે ત્યારે ઘણા લોકો સંકલ્પ કરે છે અને કોઈ એક દિવસ માટે સંકલ્પ કરે છે, કોઈ એક અઠવાડિયા માટે રાખે છે, કોઈ એક મહિના માટે રાખે છે અને કોઈ-કોઈ એવા હોય છે જે આખું વર્ષ સંકલ્પ જાળવી રાખે છે.

આપણે સૌ પોત-પોતાની પ્રાથમિકતાના આધારે પોતાના વિકાસ અને પ્રગતિ માટે નવવર્ષ સંકલ્પ કરીએ છીએ. કેટલાક નિયમિત વ્યાયામનો, કેટલાક વધારે મહેનતનો, કેટલાક સવારે વહેલા ઉઠવાનો, કેટલાક વ્યવસાયિક પ્રગતિનો, જ્યારે કેટલાક શરાબ-સિગારેટ છોડવાનો.

આ બધાની સાથે આપણે આધ્યાત્મિક પ્રગતિનો પણ સંકલ્પ કરવો જોઈએ. એક સારા, નેક, પવિત્ર અને સદાચારી માનવ બનવા માટે પણ આપણે પ્રયત્ન કરવો જોઈએ. એક સારી, નેક વ્યક્તિ બનવા માટે આપણે બહારની દુનિયામાં નહીં બલકે આપણી અંદર કામ કરવું પડશે, આપણા વિચાર અને સમજને નિખારવા પડશે.

આપણે દુનિયાને એક દૃષ્ટિકોણથી જોઈએ છીએ. જેમ-જેમ આપણી સમજ હોય, જેવા-જેવા સંસ્કાર હોય, જેમ-જેમ આપણી જિંદગીમાં કોઈક ઢોળાવ આવે, એવા જ આપણા વિચાર બનવાના શરૂ થઈ જાય છે તો એ રીતે આપણે વિચારવાનું અને સમજવાનું શરૂ કરી દઈએ છીએ. ઘણી વાર તમે કોઈને મળો છો. તેના સાથે તમારે એવો વાર્તાલાપ થાય છે કે તમને લાગે છે કે આ વ્યક્તિ યોગ્ય નથી. તો પછી તમે એવી જ નજરે તેને જોવાનું શરૂ કરો છો અને એ ભૂલી જાઓ છો કે તે વ્યક્તિ જે તમને યોગ્ય નથી લાગતી તેનામાં કદાચ ઘણી બાબતો સારી હોય.

વિચારવા યોગ્ય વાત એ છે કે આપણે કેમ કેટલાક લોકોને પસંદ નથી કરતા અથવા શા માટે કેટલાક લોકો આપણને પસંદ નથી કરતા? આમ એટલા માટે બને છે કારણ કે આપણે આપણી આસપાસના લોકોનું આકલન માત્ર પોતાની ભૌતિક દૃષ્ટિએ કરીએ છીએ. આપણે યાદ રાખવું જોઈએ કે બધા ધર્મગ્રંથ આપણને એ જ સમજાવે છે કે આપણે સૌ પિતા-પરમેશ્વરના સંતાન છીએ. 'એક પિતા એકસના આપણે બાળક', એક ભાગવાન છે, તેમને કોઈપણ નામે પોકારો, તેમના આપણે અંશ છીએ,

બાળક છીએ અને તે ભાગ જેને આપણે આત્મા કહીએ છીએ, તે આપણને જીવ આપી રહી છે અને જાણે પ્રભુનો એક અંશ આપણામાં છે, એમ બીજામાં પણ છે, અને માનવોમાં પણ, અને જાનવરોમાં પણ, અને પક્ષીઓમાં પણ, અને જેટલા પણ જીવ-જંતુ છે તે સૌની અંદર.

તો આપણે પ્રભુને પ્રાર્થના કરીએ કે આપણો જે દૃષ્ટિકોણ છે તે ખુલે જેથી આપણે સૌને એક જ નજરથી જોઈ શકીએ. આ થશે કેવી રીતે? જ્યારે માનવ ભજન-અભ્યાસ કરે છે તો પ્રભુના બે જાતિ રૂપ છે – જ્યોતિ અને શ્રુતિનો આપણને અનુભવ થાય છે. જેવો તેનો અનુભવ થાય છે તો પછી આપણને વિશ્વાસ થઈ જાય છે કે આપણી અંદર કંઈક બીજું છે જે બહારથી નથી આવ્યું.

આપણને જ્યારે એ અહેસાસ થઈ જશે કે પ્રભુની શક્તિ આપણામાં કામ કરી રહી છે, તે જ બીજા મનુષ્યોમાં, જાનવરોમાં અને છોડ-વૃક્ષોમાં પણ છે, ત્યારે આપણે સૌને પોતાના માનવા લાગીશું. આપણી સંવેદનશીલતા અન્યો પ્રત્યે વધી જશે, આપણા વિચાર અને સમજ સાચા અર્થમાં વધી જશે.

જેની સમજ યોગ્ય હશે, તેના વિચાર પણ યોગ્ય હશે. જેના વિચાર યોગ્ય હશે, તેના બોલ યોગ્ય હશે. જેના બોલ યોગ્ય હશે તેના કાર્ય યોગ્ય હશે, તો યોગ્ય સમજ હોવી ખૂબ જરૂરી છે.

તો આ નવા વર્ષમાં આપણે પોતાની સંપૂર્ણ પ્રગતિ માટે આધ્યાત્મિક સંકલ્પ પણ કરવો જોઈએ કે આપણે નિયમિત ભજન-અભ્યાસમાં સમય આપીએ જેથી આપણા વિચાર અને સમજ વિકસિત થઈ શકે અને આપણને એક સારા, નેક, પવિત્ર અને સદાચારી માનવ બનવામાં મદદ મળે.

પંચગવ્યના વિવેકપૂર્વકના ઉપયોગ વડે નિરામય રહી શકાય

નિરામય પંચગવ્ય (ભાગ-૨)

- ડો. કેદાર ઉપાધ્યાય

ગતાંકે આપણે પંચગવ્યમાંના ત્રણ ગવ્યો એટલે ગાયનું દૂધ, ગાયનું દહિં અને ગાયના ઘી વિષે ચર્ચા કરી. આજે બાકીના બે ગવ્યો વિશે વાત કરીશું.

મિત્રો, જરા વિચારીએ તો ખ્યાલ આવે કે આપણી આસપાસ કુદરતે કેવી અદ્‌ભૂત વ્યવસ્થા કરી છે, એવી વ્યવસ્થા કે જેને અનુસરવાથી, તેનું આચરણ કરવાથી મોટે ભાગે દુખી થવાનો વારો ન આવે. એક અત્યંત સાદુ અને સરળ ઉદાહરણ 'ગાય' છે. ગાય, કે જેને આપણે માતાનો દરજ્જો આપ્યો છે. તેના દ્વારા આપણને કેટકેટલી ઉત્તમ વસ્તુઓ પ્રાપ્ત થાય છે, આ દરેક વસ્તુઓ વિવેકપૂર્વક સેવન નિરામય બનાવી શકે, અને અનેક રોગોને મટાડી શકે. વળી, આ બધી વસ્તુઓ સરળતાથી અને અત્યંત વ્યાજબી દરે અથવા તો નિઃશુલ્ક ઉપલબ્ધ છે. આ તો હમણાંથી ગોમૂત્ર, અર્ક સ્વરૂપે વેંચાયા લાગ્યું અને બીજી અલગ અલગ ફોર્મ્યુલાઓમાં વધારે વપરાવા લાગ્યું એટલે તે અમુક કિંમતમાં વેચાય છે. બાકી ગામડાઓમાં જાઓ તો દહિં-છાશ પણ મફતમાં જ આપવાનો રિવાજ છે. ત્યાં તો વળી ગોમૂત્રની તો વાત જ શી કરવી...

ગોમૂત્ર ભલે મફતના ભાવે ઉપલબ્ધ હોય પણ તેના ગુણો જોઈએ તો ગોમૂત્ર અમૂલ્ય સાબિત થાય છે. અનેકાનેક ગુણો ધરાવતું ગોમૂત્ર કેન્સર જેવા ભયાનક રોગો સામેના એક અસરકારક ઔષધ તરીકે સાબિત થયું છે.

હાલ ગોમૂત્ર પર અનેક રિસર્ચ થઈ રહ્યા છે. ઘણાખરા કિસ્સાઓમાં તો એ રિચર્સ દ્વારા સાબિત પણ થયું છે કે ગોમૂત્ર એ કેન્સરની અસરકારક ઔષધિ છે.

આયુર્વેદમાં ગોમૂત્રનું સુંદર વર્ણન છે. ગોમૂત્ર સ્વભાવે લઘુ, અગ્નિદિપક, બુદ્ધિવર્ધક તેમજ કફ અને વાયુનો નાશ કરનારું છે. તે ઉદરસ, દમ, સોજો, ચામડીના રોગો, કમળો, વાયુના રોગો, કૃમિ તથા પાંડુરોગને મટાડે છે.

આયુર્વેદમાં અનેક ઔષધીઓમાં ગોમૂત્રનો ઉપયોગ થાય છે. ઘણીખરી ઔષધિઓને ગોમૂત્રની ભાવના આપવામાં આવે છે જેથી તે ઔષધિ વધુ પ્રભાવશાળી બને છે. પૂનર્નવા મંકુર નામે ખૂબ પ્રખ્યાત આયુર્વેદ ઔષધિમાં પણ ગોમૂત્રની ભાવના આપવામાં આવે છે. આસોડી તેમજ લોખંડના કાટમાંથી બનાવવામાં આવતી આ ઔષધિને ગોમૂત્રની ભાવના આપવામાં આવે છે. આ ઔષધિ પાંડુરોગ, લીવર-કીડનીના રોગ આદિ અનેક રોગોમાં ખૂબ અસરકારક છે. આ પ્રકારે અઢળક દવાઓમાં ગોમૂત્રનો પ્રયોગ કરવામાં આવે છે. અમુક ઔષધિઓને ગોમૂત્રમાં પલાળી રાખી તેનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી ગોમૂત્રના ગુણોને ઔષધિમાં આવી જાય છે. જેમ કે ગોમૂત્ર હરિતકી (હરડે.)

આવું જ એક અસરકારક અંતિમ ગવ્ય એટલે ગોબર (ગાયનું છાણ). આમ તો છાણ નામ સાંભળતા માં મચકોઈ જાય પણ આ ઔષધીય રીતે જોતા તેમાં અનેક ગુણો રહેલા છે. ગાયનું છાણ ચામડીના રોગોને દૂર કરે છે. ગાયનું છાણ કિટાણુનાશક છે. આયુર્વેદમાં અમુક ઔષધો ગાયના છાણના માધ્યમથી તૈયાર કરવામાં આવે છે. જેમ કે મરિચ્યાદિ તૈલ. દાઝ્યા પર ગોબર લગાવડાથી રૂઝ આવી જાય છે.

શુષ્ક ગોબર એટલે કે છાણા બળતણનું શ્રેષ્ઠ અને સસ્તુ માધ્યમ છે. આયુર્વેદમાં તૈયાર કરવામાં આવતી મોંઘી ધાતુઓ યુક્ત રસૌષદિઓને પકાવવા માટે જે વ્યવસ્થા કરવામાં આવે છે તેમાં છાણાનું ખુબ મહત્ત્વ છે. જે સંપુટમાં ઔષધિઓને રાખવામાં આવતી હોય છે. તેને અડાયા છાણા વડે ઉષ્મા આપવામાં આવે છે.

આમ, પહેલી નજરે સાવ યુઝલેસ ગણાતા ગોમૂત્ર અને ગાયનું છાણ ગોબર પણ અત્યંત મહત્ત્વનાં ગુણો ધરાવે છે.

અગાઉ પણ વાંચ્યુ તેમ આ પંચગવ્યમાંથી અનેક ઔષધિઓ બનાવવામાં આવે છે. જેમ કે પંચગવ્ય અર્ક, પંચગવ્ય ઘૃત આદિ અને આ પંચગવ્ય યુક્ત ઔષધિઓ તથા ઔષધયોગોનો જટિલમાં જટિલ રોગો સામે ઉપયોગ કરી શ્રેષ્ઠ પરિણામો મેળવવામાં આવે છે.

સાંપ્રત સમયે પંતગવ્ય વિષે ખૂબ જાગૃતિ ફેલાઈ છે. અનેક સંસ્થાઓ તેમજ ચિકિત્સકો તેનો ઉપયોગ કરવા લાગ્યા છે. તેમજ લોકોમાં આ અંગે જાગૃતિ ફેલાવી રહ્યાં છે. લોકો પણ પંચગવ્યનો લાભ લઈ સંકોષકારક પરિણામો મેળવતા જ હોય એ સ્વાભાવિક છે. પંચગવ્યના વિવેકપૂર્વકના ઉપયોગ વડે નિરામય રહી શકાય છે એ ચોક્કસ છે, તો ચાલો ૨૦૧૫ના પ્રથમ દિવસે પંચગવ્યનો વિવેકયુક્ત ઉપયોગ કરી નિરામય રહેવાનો સંકલ્પ કરીએ.

અચાનક વિમાન સહેજ ડાબી તરફ નમ્યું! મારી છાતીમાં થડકો લાગ્યો, વિમાન વધુ નમ્યું, મેં આગળની સીટ અને બાજુનું સ્ટેન્ડ પકડી લીધું, થોડીવારે વિમાન સીધું થયું પણ મનનો ડર એમ જ રહ્યો, મેં જ્યાં ફરી બારી બહાર નજર કરી ત્યાં... હું રોમાંચિત થઈ ગયો

મોરપીંછના રંગ

- ડૉ. કનૈયાલાલ ભટ્ટ



બે આકાશની વચ્ચે...હું...!!

વિમાન સહેજ ડાબી તરફ નમ્યું અને મારી છાતીમાં થડકો વાગ્યો, વિમાન વધુ નમ્યું, મેં આગળની સીટ અને બાજુનું સ્ટેન્ડ પકડી લીધું... થોડી વારે વિમાન સીધુ થયું પણ મનનો ડર એમ જ રહ્યો.

ગઈકાલે આખો દિવસ વરસાદ વરસતો રહ્યો.. ઘડી ધોધમાર તો ઘડી ઝરમર ઝરમર... મારે સાંજે જમીને નીકળવાનું હતું. જાહ્નવી અને મનન સાથે રમ્યો. મસ્તી કરી. બંનેને ખૂબ હસાવ્યા. કેમકે હું દસ દિવસ બાદ ઘેર પાછો આવવાનો હતો. મનને તો જીદ પણ કરી કે પપ્પા મારે તમારી સાથે આવવું છે. જાહ્નવીની આંખોમાં પણ વિમાનમાં બેસવાની ઈચ્છા મેં વાંચી અને સાહજિક છે જો હું પ્લેનમાં બેસીને દિલ્હી જતો હોઉં અને મને પણ મનમાં ખુશી હોય તો આ તો બંને છોકરાઓ નાના છે. જાહ્નવી તો સમજણી હતી. એણે અસંખ્ય વખત વિમાન આકાશમાં ઊડતું જોયું છે. એમાં બેસવાનો રોમાંચ એને મારા કરતા વિશેષ હોવાનો.. પણ એ બોલી નહી કે પપ્પા મારે પણ તમારી સાથે આવવું છે અને રૂપા એ ખુશી, દુઃખ, ચિંતા.. બધાથી સભર રહી. હું એનું મન ના કળી શક્યો. હું હિંમતનગર ઘેરથી સાંજે સાતેક વાગ્યે નીકળ્યો. સામાન વધુ હતો પુસ્તકો, ડાયરી, કાગળ, ફાઈલો... વગેરે અને કપડાં પણ ખરા... રાત્રે વરસતા વરસાદમાં અમદાવાદ પહોંચ્યો. ત્યાં મિત્ર મનોજના ભાઈના ઘેર 'વસ્ત્રાપુર' જવાનું હતું. ત્યાં ગયો. ત્યાંથી રાત્રે સાડા દસે રિક્ષામાં નીકળી સવા અગિયારે અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા. અમારી ફ્લાઈટ એક કલાક લેઈટ હતી. સાંજે મોબાઈલ પર એસ.એમ.એસ. પણ આવી ગયેલો તેથી હવે રાત્રે સવા ત્રણને બદલે સવાર ચારે ઉપડવાનું હતું. એરપોર્ટ ઉપર હું ને મનોજ આવી ગયા. વરસાદ ધોધમાર ચાલું જ હતો. એરપોર્ટની અંદર જતા કાચના દરવાજા આપોઆપ ખૂલી ગયા... અંદર જઈને આઈસ્ક્રીમ ખાધો. અને ખુરશી પર બેઠા-બેઠા જ મારી આંખ મીંચાઈ.

વિમાનમાં બેસવાની ક્ષણો જેમ જેમ નજીક આવતી જતી હતી તેમ તેમ મારું મન ઘેર પહોંચતું હતું. જાહ્નવીની આંખોની જિજ્ઞાસા, મનનની જીદ અને રૂપાનો ન કળાય એવો ભાવ કળી શકાય એવી ચિંતા... થોડું અંદરથી દુઃખ પણ હતું કેમકે પત્ની અને બાળકોને મૂકીને હું પહેલીવાર વિમાનમાં બેસવાનો હતો. પહેલીવાર વિમાનમાં બેસવાની ખુશી હું મારા પરિવાર સાથે વહેંચવા ઈચ્છતો હતો. પણ એ શક્ય નહોતું. પણ એ વખતે મનમાં સંકલ્પ કરેલો કે બહુ જલદીથી બધાને હું વિમાન પ્રવાસ કરાવીશ.

એરપોર્ટના વિશાળકાય હોલમાં વેઈટીંગ ચેરમાં બેઠા બેઠા સૌ કોઈ ૫૦ ઈંચના ટી.વી.માં પ્રોગ્રામો જોતા હતા.

ત્યાં પાછળથી અવાજ આવ્યો 'પપ્પા'... હું એકદમ ઝબકીને ઊભો થઈ ગયો. મનોજે પૂછ્યું 'શું થયું ?' મેં પાછળ જોયું ! કોઈ નહોતું... ત્યાં સામેના ગેઈટમાંથી એક સ્ત્રી પ્રવેશી તેની સાથે પાંચ-છ વર્ષનું એક બાળક-અસ્સલ મનન જેવું જ... મારી આંખો ભરાઈ આવી મને થયું કે ઘેર પાછો જઈ બધાને લઈ આવું... આ ટિકિટ કેન્સલ કરાવી બીજી ફ્લાઈટમાં જઈશું. મનોજ મારા ભાવ કળે એ પહેલા મેં મારી આંખમાંથી બહાર નીકળતાં આંસુઓને પાછા અંદર ધકેલી દીધા...

સાડા ત્રણ થયા. અમારો સામાન ચેક થયો... પેક થયો અને અંદર રવાના કરવામાં આવ્યો. અમે પણ હેન્ડબેગ લઈને નીકળ્યા.. બરાબર વહેલી સવારના ૪.૨૦ કલાકે બધાને પ્લેનમાં એન્ટ્રી આપવામાં આવી સ્પાઈસ જેટનું ફ્લાઈટ નં. ૧૦૦ હતું. જેમાં મારો સીટ નં. ૨૭ એફ હતો.

બરાબર ૪૦ વર્ષની ઉંમરે જીવનમાં પહેલી વખત પ્લેનમાં પગ મુકવાનો અવસર હતો. સીડી ચડીને ઉપર ગયા તો સામે ચપોચપ વ્હાઈટશર્ટ અને ટૂંકુ સ્કર્ટ પહેરીને એક સુંદર એરહોસ્ટેસ વીથ સ્માઈલ ઊભી હતી.

'ગુડ મોર્નિંગ, વેલકમ સર..'

એને હળવું સ્માઈલ આપીને હું અંદર પ્રવેશ્યો. ઘણા-બધા લોકો અંદર હતા જ. કેટલાંક વિદેશી યાત્રિકો પણ હતા. મારી સીટ બારી પાસે જ હતી. બધા ગોઠવાઈ ગયા. બેલ્ટ બાંધવાની સૂચના અપાઈ ગઈ. મેં પણ બેલ્ટ બાંધી દીધો. પ્લેન ધીમે ધીમે સ્ટાર્ટ થયું. ક્યાંય સુધી રન વે પર ચાલતું રહ્યું.... મેં મનોજને મજાકમાં કહ્યું પણ ખરું કે આમને આમ આ હિંમતનગર સુધી ન પહોંચી જાય.. ત્યાં તો અચાનક તેની ઝડપ વધી અને સીધું જ ઉપર આકાશની તરફનું ઉડ્ડયન શરૂ થયું. અંદરથી થોડો થડકાર અનુભવાયો અને રોમાંચ થયો. હવા પાતળી થઈ હોવાનો અહેસાસ થયો. આખું અમદાવાદ રોશનીથી ઝગમગી ઊઠ્યું. જાણે દરિયામાં તરતા નાના-નાના પ્રકાશમય દીવડાઓ.... વરસાદમાં પલળેલી કાળી સડકો લાંબા કાળા સાપ જેવી લાગતી હતી. ધુમ્મસ અને વરસાદને કારણે આ બધું રોશનીમય દૃશ્ય ઝાંખું અને કોઈ અદ્‌ભુત પેઈન્ટીંગ્સ જેવું લાગતું હતું. પરંતુ થોડી વારમાં તો આખાય દૃશ્ય ઉપર અંધકારની ચાદર ફરી વળી અને પ્લેન સડસડાટ કરતું અજવાસ અને અંધકારની પેલે પાર જતું રહ્યું. મેં બારી બહાર જોયું. કશું જ દેખાયું નહીં. નીચે સફેદ ડોટ્સ જેવું દેખાતું હતું. કદાચ વાદળાઓ હશે. માત્ર પ્લેનની વિશાળ પાંખ (જમણી તરફની) દેખાતી હતી. તેના છેવાડે એક મોટી લાઈટ અને વચ્ચે લાલ લાઈટ ઝગમગી રહી હતી. ધીમે ધીમે પ્લેન હજીયે ઉપર ચડતું જતું હતું. એવી અનુભૂતિ થઈ કે જાણે આકાશમાં છીએ. હું ને મનોજ વાતો કરતા હતા તો અમારો અવાજ પણ એકબીજાને માંડ માંડ સંભળાતો હતો. હવાની સાથે અવાજ પણ પાતળો થઈ ગયો હતો. પ્લેન પ્રતિ કલાક ૭૦૦ કિ.મી.ની ઝડપે જઈ રહ્યું હતું. પરંતુ અંદર તો સહેજેય પેટનું પાણી પણ હલતું નહોતું.

વચ્ચે વચ્ચે બે-ત્રણ વખત સૂચના અપાઈ કે કોઈપણ વ્યક્તિ પોતાની સીટ છોડે નહીં. વાતાવરણ ખરાબ છે. દ્વાર ઉપર ગુલાબી સ્મિતથી સ્વાગત કરનાર એરહોસ્ટેસ હસતા-હસતા બધાને ચોકલેટ અને પાણીની નાની બોટલ આપતી હતી.

લગભગ દિલ્હી પહોંચવાને ૨૫ મિનીટ જેટલો સમય બાકી હતો. ને અચાનક બારીમાંથી મેં બહાર જોયું તો આશ્ચર્ય ! દૂર દૂર... પૂર્વમાં ધનુષ્ય આકારે જાણે કે કશુંક સળગતું હોય એવું લાગ્યું. એક મોટી ઝાડી-લાલ કેસરી પટ્ટો... પૂર્વ દિશા તરફની સિંદૂરી લાલાશ અને ઉપર સહેજ આછો ઉજાસ... અદ્‌ભુત લાગ્યું. નીચે પણ વાદળો હતા અને ઉપર આભ સ્વચ્છ અંધકાર ભર્યું અને વચ્ચે વિમાન જાણે કે બે આકાશની વચ્ચે... હું બેઠો છું.

અચાનક વિમાન સહેજ ડાબી તરફ નમ્યું ! મારી છાતીમાં થડકો લાગ્યો. વિમાન વધુ નમ્યું. મેં આગળની સીટ અને બાજુનું સ્ટેન્ડ પકડી લીધું. થોડીવારે વિમાન સીધું થયું પણ મનનો ડર એમ જ રહ્યો. મેં જ્યાં ફરી બારી બહાર નજર કરી ત્યાં... હું રોમાંચિત થઈ ગયો. સામેથી સફેદ રૂના ઢગલાઓ જેવા મોટાં-મોટાં વાદળો અમારી તરફ ધસી આવતાં હતાં. ઢગલા જેવા વાદળો અમારી નીચેથી પસાર થતાં હતાં. પણ ત્યાં તો એક મોટું વાદળ... કદાચ હિમાલય પર્વતથી પણ મોટું અને સફેદ... વિમાન સાથે અથડાયું... મારી સાથે વિમાનને પણ થડકો લાગ્યો. બધા હલી ગયા.. મને થોડો ડર પણ લાગ્યો. એ મોટું વાદળ હજી માંડ ગયું ત્યાં તો એની પાછળ બીજું કાળું-ભમ્મર વિશાળકાય વાદળ સામે તૈયાર જ હતું. એમાં અમારું વિમાન પ્રવેશતા જ થડકારો અનુભવો... મને કંઈક દૂર્ઘટના થવાની આશંકા જન્મી આ ભયાનક કાળું વાદળ અને એ પણ વરસતું ક્યાંય સુધી ચાલ્યું. જોકે અમે વરસતા વાદળાઓની ઉપરથી પસાર થતા હતા. આમ છતાંય આવા મોટા વાદળો આવતા અને ભટકાતા... આખું પ્લેન પલળી જતું હતું. તેના પાંખિયા ઉપર વરસતું પાણી સ્પષ્ટ દેખાતું હતું... આ કાળું મોટું વાદળ પસાર થતા મને હાશકારો થયો ત્યાં તો અદ્‌ભુત દુનિયાનું દૃશ્ય મારી સામે ખડું થઈ ગયું... ચારે તરફ સફેદ રૂની પૂણી જેવા છૂંદેલાં બરફના ઢગલાઓ જેવા નાના-નાના વાદળોની ગોળ ફરતી હારમાળાઓ અને વચ્ચે અમારું વિમાન... અમને અંદર સૂચના આપવામાં આવી કે પંદર મિનિટમાં દિલ્હી પહોંચી રહ્યા છીએ. પરંતુ વિમાન હજી નીચે તરફ પ્રયાણ કરે એ પહેલા વાદળ-ધુમ્મસના મોટા-મોટા પર્વતો જેવા વાદળાઓ વિમાન સાથે અથડાતા રહયા. ધુમ્મસને કારણે કશું જ દેખાતું નહોતું. વિમાન પણ કદાચ વાદળાઓને કારણે આમથી તેમ વળાંકો લઈ રહ્યું હતું. વળાંક વળતા મારી તરફનું પાંખિયું એકદમ કાં તો ઉપર તરફ જાય કાં નીચે તરફ અને મને ડર લાગે.. જાણે કે ધુમ્મસના કોઈ ઉપગ્રહમાં અટવાઈ ગયા હોય... ધુમ્મસ, કાળા-સફેદ વાદળાઓ અને સહેજ અંધારા-અજવાળાના મિશ્રણભર્યું વાતાવરણ ખુશનૂમા હતું અને ત્યાં જ પૂર્વ દિશા તરફ ફરી પાછી એ જ સિંદૂરિયા રંગનો લાલ, પીળો પ્રકાશ નીચે તરફ દેખાયો ઉપર આખાય આકાશમાં શ્વેત ઝાંખો અજવાસ પોતાના રંગો પૂરી રહ્યો હતો. પરંતુ નીચે હજીયે અંધકાર જાણે નાના બાળકની જેમ નહી જવાની જીદ પકડીને બેઠો હોય એમ લાગતું હતું.

હવે વાદળાઓની ફોજને વિંધીને અમારું વિમાન થોડું નીચે તરફ સ્વચ્છ આકાશમાં પ્રવેશ્યું કે તરત જ નીચે નાના-નાના દીવડાઓ જેવી લાઈટો ઝગમગી ઊઠી. આખું દિલ્હી એક મુઠ્ઠીમાં સમાઈ જાય એવું લાગ્યું. જાણે કે ઈશ્વરના ઘરના ફળિયામાં વિવિધ રંગોથી રંગોળી પૂરી હોય એને ઝગમગતી રોશનીથી સજાવી હોય એવું લાગતું હતું. વિમાન હવે નીચેની તરફ જઈ રહ્યું હતું. થોડો રોમાંચ પણ અનુભવાયો અને હજી તો દિલ્હીમાં પથરાયેલી શાંતિની રોશનીને મારી આંખોમાં ભરું ત્યાં તો વિમાનના પૈડાં એક નાના એવા થડકા સાથે જમીન પર બનાવેલી લોખંડી સડકને ભેટી પડ્યા અને દોડવા લાગ્યા દૂર દૂર સુધી. વિમાન એની નિશ્ચિત જગ્યાએ ઊભું રહ્યું. નીચે ઊતરવાની સીડી લાગી ગઈ. દરવાજા ખૂલ્યાં. દરવાજે ફરી પાછી એ જ એર હોસ્ટેસ ચહેરા પર ગુલાબી સ્મિત લઈને બધાને 'હેવ એ ગુડ ડે' અને 'થેંક્યું સર' કહેતી ઊભી હતી. એનો 'ગુડ ડે'નો શુભ સંદેશ અને એના ચહેરાનું સ્મિત લઈને અમે બધા નીચે ઉતર્યા. સ્પાઈસ જેટની એરબસ અમને બધાને લેવા આવી તેમાં બેસી એરોડ્રામ પહોંચ્યા. અમારો સામાન લીધો અને ટેક્સી કરી હું ને મનોજ ગુજરાત ભવનના એ.સી. રૂમમાં પ્રવેશ્યા.